ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં હજુ અમુક વિસ્તારોમાં ગંદકી જ ગંદકી

## કચરાના ઢગલામાંથી ઢોર પ્લાસ્ટિક આરોગતા જીવદયા પ્રેમીઓ દ્વારા સ્વચ્છતા જાળવી રાખવાની માંગ

ગાંધીનગર, તા.૨૦
શહેરમાં અમુક વિસ્તારોમાં કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. જેમાં સેકટર-૨૪ સરકારી પ્રાથમિક શાળાની દિવાલ પાસે ગંદકી અને કચરો જોવા મળી રહ્યો છે. શહેરમાં અમુક વિસ્તારોમાં દરરોજની સાફસફાઈ હાથ ધરવામાં આવી રહી છે તો બીજી તરફ કચરાના ઢગલા જોવા મળી રહ્યાં છે.

ગાંધીનગરમાં શાકમાર્કેટવાળા વિસ્તારોમાં ગંદકી અને કચરાના ઢગલા જોવા મળતા હોય છે જેમાં શાકમાર્કેટવાળા વિસ્તારોમાં ઢોરની અવરજવર રહેતી હોય છે તેવામાં કચરાના ઢગલાઓમાંથી પ્લાસ્ટિકની કોથળીઓ ખાતા ઢોર જોવા મળતા હોય છે. જે ખૂબ નુકશાનકારક છે.

સેકટર-૨૪માં ગંદકીનું સામ્રાજય વધારે જોવા મળે છે. જાહેર સ્થળો પર રસ્તાઓ ઉપર આ રીતે કચરો ઠાલવી દેતા શહેરમાં સ્વચ્છતાના નામે સવાલો ઉભા થાય છે. સ્વચ્છતા અભિયાનના નામે શહેરમાં વિવિધ જાગૃતિ અભિયાનો પણ કરવામાં આવે છે તેમ છતાં ગંદકીની સમસ્યાઓમાં નિરાકરણ લાવવામાં તંત્ર ફેલ જાય છે. ઘણા વિસ્તારોમાં કચરા પેટીની આસપાસ કચરો ફેલાયેલો રહેતો હોય છે અને ઢોર દ્વારા ત્યાં ગંદકી ફેલાવવામાં આવતી હોય છે. દરેક સેકટરોમાં કચરાપેટીની વ્યવસ્થાઓ હોવા છતાં કચરાના ઢગલા જાહેર માર્ગો પર અને ઠેર ઠેર ફેંકી દેવાતા શહેરમાં ગંદકીનું સામ્રાજય સર્જાય છે. કચરો ફેંકવા માટે નાગરિકોને કચરા પેટીની વ્યવસ્થા કરવા છતાં આ પ્રકારના દશ્યો જોવા મળતા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની ફરજ પડે તેમ લાગી રહ્યું છે.



શહેરીજનોને ઘરે ઘરે કચરાપેટીના ડબ્બાની વ્યવસ્થા કરી આપી છે તેમ છતાં કચરો જાહેરમાર્ગો ઉપર ફેંકવામાં આવતા હવે તંત્ર દ્વારા દંડ વસૂલવામાં આવે તો જ આ ગંદકીના દશ્યો બંધ થશે. શહેરીજનો દ્વારા આ ગંદકીના દશ્યો સર્જવામાં આવી રહ્યા છે. એક તરફ ગાંધીનગરમાં વિવિધ વિકાસના કાર્યો કરવામાં આવી રહ્યા છે તો બીજી તરફ આ પ્રકારે ગંદકીનું દૂષણ સર્જાયા કરે છે. તેથી આસપાસના રહીશોને આ ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. સેકટર-૨૪માં સરકારી શાળાની બહાર જ ગંદકીના દશ્યો સર્જાતા શાળાએ જતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંદકીને દૂર કરવા માટે માંગ ઉઠી રહી છે. શાળામાં એક તરફ સ્વચ્છતાનો પાઠ ભણાવવામાં આવતો હોય છે અને આ રીતે શાળાની બહાર ગંદકીના દશ્યો જોવા મળે છે. તાત્કાલિક ધોરણે કચરો આ જગ્યોથી દૂર કરવાની માંગ કરવામાં આવી છે.

## વિજ્ઞાન વિષયના પુસ્તક પર સમીક્ષા યોજાઈ



ગાંધીનગર, તા.૨૦
કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન સેકટર-૨૩ ગાંધીનગરની કોલેજમાં ૧૯ એપ્રિલે તાલીમાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં રસ કેળવાય તેમજ વિજ્ઞાનના પુસ્તકોનું મહત્વ સમજાય તે હેતુથી વિજ્ઞાન વિષયના પુસ્તક પર સમીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ વૈજ્ઞાનિકો અને વિજ્ઞાનની સંસ્થાઓ, તમે અને તમારો આહાર, વિજ્ઞાન દર્પણ, રીસર્ચ મેથોડોલોજી, અંધશ્રધ્ધા નિવારણ જેવા જુદા જુદા પુસ્તકોની સમીક્ષા કરી તેના આધારે ચાર્ટ બનાવ્યા હતા. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલ, ડો. જિજ્ઞાસાબેન જોશી, ડૉ.કુસુમબેન યાદવ અને અધ્યાપકોએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ પુસ્તકોની સમીક્ષાનું નિદર્શન કરી તેમને પ્રોત્સાહન આપ્યુ હતું. આ કાર્યક્રમનું આયોજન ડૉ. સુનીતા લીલાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઝાડા-ઉલ્ટીના કેસોને કારણે વાવોલ ગામમાં પાણીના સેમ્પલ લેવાયાં

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર મહાનગરપાલિકાના વાવોલ ગામ વિસ્તારમાં છેલ્લાં કેટલાંક દિવસથી ઝાડા-ઉલટીના કેસોમાં વધારો થતા સમગ્ર ગામમાં ચિંતાનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું. આ બાબતે તંત્રએ તુરંત જ કાર્યવાહી હાથ ધરતાં રોગચાળા જેવી પરિસ્થિતિ સર્જાય તેવી ભીતિ વચ્ચે વાવોલ ગામમાં પાણીના સેમ્પલ લેવામાં આવ્યાં હતા.

વાવોલ ગામના તરપોજવાસ, દરબારવાસ, પટેલ વાસ, નવા સહિતના તથા રામજી મંદિર આસપાસના વિસ્તારમાં તેમજ કેટલીક સોસાયટીમાં પણ ઝાડાના કેસો જોવા મળ્યાં હતાં જેના કારણે ગામમાં રોગચાળા જેવી સ્થિતિ સર્જાવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વાવોલમાં ઝાડાના કેસો વધવા પાછળ પીવાના પાણીમાં કચરો આવ્યો હોવાની શકયતા જવાબદાર માનવામાં આવી રહ્યો હતો જેને અનુલક્ષીને આરોગ્ય તંત્રએ તુરંત જ વિવિધ પગલાં હાથ ધર્યાં છે જેમાં આરોગ્ય કર્મીઓએ ઘરે ઘરે સર્વે કરવા સાથે ગામમાં વિવિધ જગ્યાએથી પાણીના સેમ્પલ્સ પણ મેળવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. જોકે બીજી તરફ ગામમાં ઝાડાના કેસોમાં ઝડપથી ઘટાડો પણ જોવા મળી રહ્યો છે અને દર્દીઓને રીકવરી થવા પામી રહી છે.

## અરવિંદ કેન્દ્ર ખાતે ૨૪મીએ પુસ્તક વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦
શ્રી અરવિંદની ૧૫૦મી જન્મજયંતિ (૧૮૭૨-૧૯૫૦)ની ઉજવણી અને આઝાદીના ૭૫માં અમૃત પર્વ નિમિત્તો શ્રી અરવિંદ દ્વારા ભારતની સ્વતંત્રતા માટે આપવામાં આવેલ અનેરા યોગદાનની યશસ્વી ગાથા રજૂ કરતું પુસ્તક 'સ્વાતંત્ર્ય સંગ્રામના પથદર્શક શ્રી અરવિંદ'નું વિમોચન ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ વિષ્ણુભાઈ પંડયાના હસ્તે અકાદમીના મહામંત્રી જયેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિમાં ૨૪ એપ્રિલે સાંજે ૫.૨૦ કલાકે અરવિંદ કેન્દ્ર, ગાંધીગનર ખાતે રાખવામાં આવેલ છે. આ પુસ્તક વિષે જયોતિબેન થાનકી તથા ઉપસ્થિત મહાનુભાવોના પ્રાસંગિક વકતવ્ય પણ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ગાંધીનગરના સુજ્ઞ નાગરિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારંભ હવે ૨૪મી એપ્રિલના રોજ યોજાશે



ગાંધીનગર, તા.૨૦
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારંભ હવે ૨૪મી એપ્રિલને રવિવારના રોજ, સવારે ૧૧ કલાકે ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે યોજાશે. અગાઉ આ પદવીદાન સમારંભ ૨૧મી એપ્રિલે યોજાનાર હતો. અનિવાર્ય કારણોસર તેની તારીખમાં પરિવર્તન કરવામાં આવ્યું છે. જો કે, તેના સમય અને સ્થળ સહિતની અન્ય તમામ રૂપરેખા યથાવત્ છે, તેમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ એક અખબારી યાદીમાં જણાવે છે.

તેઓ વધુમાં જણાવે છે કે, દ્વિતીય પદવીદાન સમારંભના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાતના આદરણીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહેશે. જ્યારે ઉપાધ્યક્ષ તરીકે કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહેશે. આ પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૧૦૧ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે, જ્યારે આઠ છાત્રોને ગોલ્ડ મેડલ અપાશે. આ પદવીદાન સમારંભ માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી સહિતના મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વાર્ષિક દિવસ - ક્રોમોસોમ્સ ૨૦૨૨ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૦
અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે સંસ્થાની સિદ્ધિઓ દર્શાવવા અને તેના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવા માટે તા ૧૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ વાર્ષિક દિવસ - ક્રોમોસોમ્સ ૨૦૨૨ની ઉજવણી કરી હતી. ડૉ. અંકિત ચૌધરી, પ્રોફેસર અને ડાયરેક્ટર PG SIPS, ગાંધીનગર અને ઉત્સવ પરમાર, ડેપ્યુટી ડિરેક્ટર, દૂરદર્શન સમાચાર, અમદાવાદ આ પ્રસંગે વિશિષ્ટ અતિથિઓ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી (SSIU)ના પ્રમુખ અને સ્થાપક ઋષભ જૈન અને ડો. કાર્તિક જૈન, પ્રોવોસ્ટ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. મહેમાનોએ સ્વર્ણિમ ઈક્યુબેશન સેન્ટર હેઠળ તેમના નવીન સ્ટાર્ટઅપ્સ માટે ફાર્મસી અને બાયોલોજી વિભાગના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

વિદ્યાર્થીઓમાં છુપાયેલી પ્રતિભાને નાટક, સ્કીટ્સ, પાવર પેકડ ડાન્સ પરફોર્મન્સ, સોલો અને ગ્રુપ મ્યુઝિક રીસીટલ્સ અને અન્ય કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એલ્યુમની એસોસિએશન (ASPAS) એ આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટનું પણ આયોજન કર્યું હતું.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા પંખીઘરનું વિતરણ



ગાંધીનગર, તા.૨૦
પક્ષીઓને રહેવા માટેના સુંદર પક્ષીઘરનું રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧ ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું. આ મંદિરના દર્શનાર્થીઓને પ્રસાદ સ્વરુપે ૫૦ થી વધારે પક્ષીઘર આપવામાં આવ્યા હતા.

આ વિતરણ કાર્યમાં સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ સહિત, યુવરાજસિંહ વાઘેલા, યશવંતભાઈ જોશી, વી.એલ. પટેલ સહિત ગોવર્ધનનાથ મંદિરના પદાધિકારીઓ જશવંતભાઈ ગાંધી, પ્રદીપભાઈ ગગલાણી સહિત અનેક પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લીઓ કબબ અને સોરઠ કારડીયા શાળા દ્વારા યુથ ડેવલપમેન્ટ પર સેમિનાર યોજાશે



ગાંધીનગર, તા.૨૦
લીઓ કલબ ઓફ ગાંધીનગર અને સોરઠ કારડીયા રાજપુત શાળા દ્વારા યુથ ડેવલપમેન્ટ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીઓ વિનય જયસિંઘાની દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ અને જીવનના પાઠ ભણાવ્યા હતા તેમજ નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શાળાના આચાર્યા કિરણબેન પટેલ, લીઓ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ઋત્વિક પટેલ, મંત્રી મહર્ષિ દવે તેમજ અન્ય સભ્યોએ હાજરી આપી હતી.

## રાયસણના પંચેશ્વર મંદિર દ્વારા ધાર્મિક યાત્રાનું આયોજન કરાયું

રાયસણના પંચેશ્વર મંદિર દ્વારા આધ્યાત્મિક ઉપરાંત સમાજ સેવા અને શૈક્ષણિક ઉત્કર્ષને લગતી પ્રવૃત્તિ કરવામાં આવે છે. જે અન્વયે સિનિયર સિટિજન બહેનોની એક ધાર્મિક યાત્રા યોજનામાં આવી હતી. પંચેશ્વર મંદિરમાં મંગળા આરતી પછી મંદિરના પૂજારી અશોકભાઈએ મંત્રોચ્તાર સાથે યાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતું . યાત્રાળુ બહેનોએ ગોમતીજીમાં સ્નાન કરી ડાકોરમાં રણછોડરાય ભગવાનનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ બધા જ શ્રદ્ધાળુઓએ મહાલક્ષ્મી માતાજીનાં દર્શન પણ કર્યા હતાં. તમામ બહેનોએ ગલતેશ્વર જઇ મહીસાગર નદીમાં સ્નાન કરી ગલતેશ્વર મંદિરમાં શ્રધ્ધા ભક્તિ સાથે પૂજા અર્ચના કરી હતી. યાત્રાળુઓ નડિયાદમાં સંતરામ મંદિર અને લાભા ગામમાં બળિયાદેવનાં દર્શન કરી પંચેશ્વર નિજ મંદિરે પરત ફરશે.

સિનિયર સિટિઝન બહેનોની આ યાત્રાને સફળ બનાવવા અને તેના આયોજનમાં મંદિરના અગ્રણી સેવક અમિતભાઇ પટેલ, મુકેશભાઇ પટેલ અને ચંદુભાઇ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સંપૂર્ણ યાત્રાને કોન્ટ્રાક્ટર રમેશભાઇ અને કેતનભાઇનો પૂરો સહયોગ સાંપડ્યો હતો.



## જન્મદિને વધામણી



જપન વિશાલ પંડ્યા

## દુ:ખદ અવસાન

ચેતનભાઈ જાનીના ધર્મપત્ની પ્રેરણાબેન જાની ઉ.વ. ૬૧નું દુ:ખદ અવસાન ૧૪ એપ્રિલને રવિવારે થયેલ છે.

સદગતનું બેસણું તા. ૨૧-૪-૨૦૨૨ને ગુરુવારના રોજ સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન ઓ/૪૦૪, વેદિકા હેપ્પીવેલી, સિટી પલ્સ સિનેમા પાસે, રાંદેસણ, તા.જી. ગાંધીનગર મુકામે રાખેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દંતાણી વિજયકુમાર બાબુભાઈ, ઉ.વ. ૪૩, સે-૧૪, ગોકુલપુરા
- સ્વ. દંતાણી હરીશ રમણભાઈ, ઉ.વ. ૪૧, ધોળાકુવા

# શહેરમાં યોજાશે સૌથી મોટી ફીટનેસ ચેલેન્જ ઈવેન્ટ

## ચેતક એકેડેમી દ્વારા ૨૯ અને ૩૦ એપ્રિલે નાના બાળકો માટે વિવિધ રમતગમતની સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા.૨૦
શહેરમાં ઉનાળુ વેકેશનને માત્ર ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ગાંધીનગરમાં વિવિધ સંસ્થાઓ થકી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંની ચેતક એકેડેમી દ્વારા નાના બાળકો માટે ખૂબ સુંદર સમર કેમ્પ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જે તારીખ ૨૯,૩૦મીએ યોજાવાની છે. આ ઈવેન્ટ ગાંધીનગરમાં સૌથી મોટી ઈવેન્ટમાંની એક છે. બાળકોના ફિટનેસ ચેલેન્જની આ ઈવેન્ટમાં ૨૯ એપ્રિલે ૧૦ વર્ષથી નાના બાળકો અને ૩૦મી એપ્રિલે ૧૦ વર્ષથી ઉપરના બાળકો ભાગ લઈ શકશે. જેના માટે રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે અને મોટી સંખ્યામાં આ ઈવેન્ટ યોજાશે.

ચેતક એકેડેમીના સંચાલક



નિર્ભયસિંહ ચૌહાણના જણાવ્યા મુજબ આ ફિટનેસ ચેલેન્જ ઈવેન્ટમાં બાળકો માટે ઘણી બધી રમતગમતની સ્પર્ધાઓનું આયોજન છે. આ ઈવેન્ટનો હેતુ બાળકોને મોબાઈલ ફોનમાંથી બહારલાવી ફિટનેસ અને રમતગમત ક્ષેત્રે આગળ લાવવાનો છે. તેથી આ ઈવેન્ટમાં વધુમાં વધુ બાળકો જોડાય અને રમતગમતમાં ભાગ લઈને આ સુંદર ઈવેન્ટને સફળતાપૂર્વક સાકાર કરે તેવી લાગણી વ્યકત કરી હતી.

ચેતક એકેડમી દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મે મહિનામાં ઉનાળાના વેકેશનમાં વિવિધ પ્રકારની ગેમ્સ જેવી કે ચેસ, ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, નાના બાળકો માટે પણ અવનવી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે

મોબાઈલને લીધે બાળકો ઉનાળાના વેકેશનની અસલી મજા માણવાનું ચુકી રહ્યા છે. તેવામાં આ સમર કેમ્પ બાળકો માટે ખૂબ રસપ્રદ રહેશે. માતા પિતાએ પોતાના બાળકોને સમર કેમ્પમાં અવશ્ય મોકલવા જોઈએ.

ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલયમાં ચાલતી લક્ષ્ય કોમ્પીટીશનમાંથી પ્રેરિત થઈને નિર્ભયસિંહ ચૌહાણે સફલ વિદ્યાલયનો પ્રારંભ કર્યો. સ્પોર્ટસમાં અભ્યાસ કરેલો હોવાથી રમતગમત ક્ષેત્રે રુચી રાખીને ગાંધીનગરમાં અવનવી રમતગમતની આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકોને ફીટનેસ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ભાગવતગીતા, પીકનીક, ટ્રેડિશનલ ગેમ, હીસ્ટ્રી વિશેની માહિતી આપવામાં આવે છે. ભાગવતગીતા અને હીસ્ટ્રી વિષય શીખવીને બાળકોને ભારતની પરંપરાઓ અને સંસ્કૃતિ વિશે અવગત કરવાનું સુંદર કાર્ય કરેલ છે.

સફલ વિદ્યાલય રાયસણ અને સેકટર-૨૨ ખાતે કાર્યરત છે. આ ફીટનેસ ઈવેન્ટમાં જોડાવવા માટે મો. ૮૩૦૬૭ ૦૬૦૩૯ નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે અને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.